## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ડૂબે ભલે આખો દેશ, અમને ગૂંજાં ભરવા દો!
હોય ગમે તેવું 'ક્ષેત્ર' નિશ્ચિંત આજ ચરવા દો!
છો ને રહ્યા પ્રજાના પ્રતિનિધિ! કરો હાજી હાજી -
પૂછો ન પ્રશ્ન, મરજી મુજબ - રાજ કરવા દો!
(પ્રશ્નકાળ રદ)

હાઇકુ

પિતૃ કૃપાથી -
રહો છો સુખે - કરો
'શ્રાદ્ધ, શ્રદ્ધાથી...'

કરો સ્મરણ -
તિથિ તો યાદ છે ને??
પિતૃ તર્પણ...

(મોબાઈલ - એપની નવી પેઢીને ખાસ વિનંતી)

### ચિંતન

**અનારમ્ભો હિ કાર્યાણાં પ્રથમં બુદ્ધિલક્ષણમ્ ।**
**આરબ્ધસ્યાન્તગમનં દ્વિતીયં બુદ્ધિલક્ષણમ્ ॥**

ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિતપદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

માણસે પ્રથમ તો શક્તિ ન હોય તો કામની શરૂઆત જ ન કરવી એ બુદ્ધિનું પહેલું લક્ષણ છે. શરૂ કરેલા કાર્યને પાર પાડવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે. ટૂંકમાં કામ શરૂ કરતાં પહેલાં પોતાની શક્તિનો વિચાર કરવો. પછી જ પ્રવૃત્તિ કરવી.

માણસો નવાં કાર્યોનો આરંભ તો કરતાં હોય છે પણ એના પહેલા વિચાર - આયોજન અને પોતાની શક્તિ મુજબ સાહસ છે કે કેમ એનો વિચાર કરતા જ નથી. પોતાની શક્તિ - બુદ્ધિનો વિચાર કરી કાર્યની શરૂઆત કરે તે બુદ્ધિમાન.

કામ શરૂ કર્યા પછી હિંમતપૂર્વક - આળસ કર્યા વિના - પૂરા પ્રયત્નથી કાર્ય સફળ રીતે પૂરું કરવું એ બુદ્ધિમાનનું બીજું લક્ષણ છે.

### સુવિચાર

- સુખ સુબહ જૈસા હોતા હૈ, માંગને પર નહીં જાગને પર મિલતા હૈ - **જિતેન્દ્ર પારીખ**
- સંસાર છોડાવી દે એ ગુરુ નથી, સંસારનો સાર સમજાવી આપે તે 'ગુરુ' - **મોરારિ બાપુ**
- બુદ્ધપુરુષ એ કહેવાય કે જે તમને બાંધે નહીં, તમને બુદ્ધ બનાવે - **બોધિવૃક્ષ**
- આપણું જીવ્યું કર્મોથી જાણવું, વર્ષોથી નહીં,
  વિચારોથી જાણવું, શ્વાસોશ્વાસથી નહીં - **ગુણવંત શાહ**
- સવાલ : જીવનની સૌથી મોટી દુર્ઘટના ??
  જવાબ : ગલત કાર્યોમાં મળતી સફળતા - **જનકલ્યાણ**
- આ સંબંધોનાં સમીકરણમાં આવે મોટી બાધા...
  વ્હાલા ઉમેરી આપો અમને, બાદ કરી દો વાંધા - **નીલમ દોશી**
- આજનું ઔષધ : ત્રણ નંગ તેજ પત્તા સાથે કપૂર એક ગોટી સળગાવવાથી મચ્છર સામે રક્ષણ મળે છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

એક વાર એક ગામમાં શેઠને ત્યાં ચોર ઘૂસ્યો. શેઠ કાબેલ હતા અને શેઠાણી બી એવા જ હોશિયાર હતા. શેઠને ખ્યાલ આવ્યો કે કોઈ ચોર આવ્યો છે. એમણે શેઠાણીને કહ્યું, 'તમને ખબર છે! હવે રાઈના ભાવ ખૂબ વધી જવાના છે... જલ્દી આવો અને વખારમાંથી બધી રાઈ કાઢી લઈ આવો.' શેઠાણી એ પૂછ્યું, 'પણ રાત્રે રાઈનું શું કરવું?' શેઠે કહ્યું, 'આવતીકાલે જોજો, એ રાઈ વેચતા જ આપણે ખૂબ માલદાર થઈ જઈશું. અત્યારથી તૈયારી કરો, જેથી સવારે મોડું ન થાય.' ચતુર શેઠાણીને શેઠની વાતનો મર્મ સમજાઈ ગયો. તેણે રાઈના બે કોથળા કાઢ્યા. ત્યારે પેલો ચોર સામે આવ્યો. એનાથી તિજોરી તૂટી નહીં એટલે એણે નક્કી કર્યું. ખાલી હાથે જવું એના કરતાં આ બે કોથળાં રાઈના લઈ જઉં. રાઈ લઈને ચોર ચાલતો થયો. ગામમાં રાઈની લે-વેચ કરનારા એક જ શેઠ હતા. એટલે બે દિવસ પછી ચોર બે કોથળા રાઈ વેચવા આવ્યો. શેઠે ચોરને બેસાડ્યો અને ગુમાસ્તાને નાસ્તો લઈ આવવા આદેશ કર્યો. ચોર તો રાજી થઈને બેઠો. ગુમાસ્તો થોડીવારમાં હવાલદારને લઈ આવ્યો. અને શેઠે કહ્યું, 'આ જ ચોર છે, જેણે મારા ઘરમાંથી રાઈની ચોરી કરી છે.' ચોર જતા જતા બોલ્યો, 'તમે તો કહેતા હતા ને કે રાઈના ભાવ ઊંચા જવાના છે.' ત્યારે શેઠ બોલ્યા, 'રાઈના ભાવ રાતે ગયા.'

# યુદ્ધ અટકાવવા વધુ સઘન પ્રયાસો જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

રશિયા ખાતે ભારત અને ચીનના સંરક્ષણમંત્રીઓ વચ્ચે બેઠક થશે કે કેમ એ મુદ્દે ભારે અસમંજસ પ્રવર્તતી હતી. એક તબક્કે તો જાહેરાત પણ થઈ ગઈ હતી કે સંરક્ષણમંત્રી રાજનાથસિંહ એમના ચીની સમકક્ષને મુલાકાત નહીં આપે. પાછળથી વ્યૂહરચના બદલાઈ અને ચીનના સંરક્ષણ મંત્રીના આગ્રહને માન આપી રાજનાથ તથા એમના ડેલિગેશનમાં ગયેલા વરિષ્ઠ અધિકારીઓ ચીનના સંરક્ષણ પ્રધાનને એમની ટીમ સહિત શિખરમંત્રણામાં મળ્યા ખરા, પરંતુ ચર્ચાને અંતે ચીન તરફથી સરહદ પર ઊભી થયેલ તનાવભરી પરિસ્થિતિ માટે ભારતને સ્પષ્ટ સંદેશ અપાયો કે છેલ્લા દિવસો દરમિયાન એલએસી (લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલ) પર ઊભું થયેલું ટેન્શન માત્ર અને માત્ર ભારતીય સેનાની આડોડાઈને કારણે ઊભું થયું છે, જે ચીન કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવા તૈયાર નથી અને જરૂર પડ્યે ભારતીય સેના સામે કડક મિલિટર ઍક્શન લેતાં પણ અચકાશે નહીં. ચીને પ્યોંગ્યોંગ સરોવરના વિસ્તારમાં ભારે સૈન્ય ખડકી દીધું છે; તિબેટના બે એરબેઝ ઉપરથી ચીનનાં લડાકુ વિમાન તાબડતોબ ઉડાન ભરવા તૈયાર છે. લદ્દાખની ગાલવાન ઘાટીમાં ચીની સૈનિકોએ ૨૦ ભારતીય જવાનોને શહીદ કર્યા એ પછી બગડેલી બાજી સુધારવા બેઉ દેશો તરફથી સેનાના અધિકારીઓ તથા ડિપ્લોમેટિક સ્તરે સમાધાનના પ્રયાસો શરૂ થયા હતા, પરંતુ આંશિક પીછેહઠથી વધુ પરિણામ મેળવી શકાયું નહતું. ચીને લદ્દાખના અન્ય વિસ્તારો અને પ્યોંગયોંગ સરોવરના દક્ષિણ કિનારે જમાવટ કરવા પ્રયાસ કર્યો ત્યારે ભારતીય સેનાએ હિંમતપૂર્વક ચીની સૈનિકોને છેક અંદર સુધી તગેડી મૂકી મહત્ત્વનાં શિખરો પર નિયંત્રણ મેળવી લીધું હતું. સ્વાભાવિક રીતે જ ડ્રેગન છંછેડાયું હતું અને એણે એ વિસ્તારમાં ૧૯૬૨ જેવી જ સ્ફોટક યુદ્ધ પૂર્વેની સ્થિતિ સરજી દીધી હતી. ચીન હવે સમાધાનના ભારતીય સૂત્ર સાથે સંમત થાય એ વાતમાં માલ નથી. રાજનાથ સિંહને એનો અંદાજ આવી ગયો છે. અગાઉ બે દેશોના સંરક્ષણમંત્રીઓની બેઠક પૂર્વે ચીને બેઉ પાડોશી રાષ્ટ્રો વચ્ચે જૂગજૂનો હૂંફાળો સંબંધ હોવાની યાદ અપાવી હતી, પરંતુ એકવાર ભારત ચીની ડ્રેગનને બે મોઢાની વાતોથી દાઝી ચૂકેલું છે. નહેરુ અને તત્કાલીન ચીની વડાપ્રધાન ચાઉ એન લાઈ વચ્ચે 'પંચશીલ' કરાર થયા હતા અને 'હિંદી-ચીની ભાઈ ભાઈ'ના નારા પણ પોકારાયા હતા. પરંતુ ત્યારે ઓછી સૈન્ય શક્તિ ધરાવતા ભારત પર ચીન ઘાતકી આક્રમણ કરી ઘણો મોટો વિસ્તાર પડાવી લીધો હતો. એ પચાવી લીધેલ વિસ્તાર પછી જે સરહદી રેખા અંકાઈ છે એને પણ ઓળંગીને ચીની સેના ભારતના વિસ્તારોમાં ઘુસણખોરી કરતી રહી છે. રાજનાથને ચીની સંરક્ષણમંત્રીનો કડવો અનુભવ થયો છે. એમણે શાંતિ સ્થાપવા માટે બેઉ પક્ષો વચ્ચે સદ્ભાવ અને સમજણ પ્રવર્તે એવી શાણી અપીલ જરૂર કરી છે, પરંતુ સાથે એમ પણ કહ્યું છે કે ભારત એની સરજમીન પર સાર્વભૌમ સ્વતંત્રતાની સુરક્ષા કરવા સક્ષમ છે. આર્મીના નવા નરવણે પણ જરૂર પડ્યે ભારતી સેના ઈંટનો જવાબ પથ્થરથી આપી શકે એમ છે, એ મતલબનું નિવેદન કરી જાત નિરીક્ષણ કરી સેનાની પીઠ થાબડી ચૂક્યા છે. ત્રણે સેનાઓના સર્વોચ્ચ વડા બિપીન રાવત પણ સંરક્ષણ પ્રધાનની સાથે સરહદ પર છાતી કાઢીને ચોવીસે કલાક જાગ્રત રહેતા ભારતીય સેનાના જવાનોનું મનોબળ વધારતા રહ્યા છે. યુદ્ધની ચિનગારી કોઈ પણ ક્ષણે ભડકી ઊઠે એમ છે. બેઉ પાડોશી રાષ્ટ્રો શક્તિશાળી સેનાઓ અને અદ્યતન શસ્ત્ર સરંજામ ધરાવે છે. ખાંડાં ખખડે નહીં એ બેઉ દેશોની સેનાઓ અને પ્રજાનાં હિતમાં છે. છેલ્લે દડો હવે અમદાવાદના રિવરફ્રંટ પર ઝૂલે ઝૂલી ચૂકેલા ચીની સુપ્રીમો શી જિન પિંગની કોર્ટમાં છે !

# આજે ભારતનું ભાવિ ઘરમાં ઘડાઈ રહ્યું છે!



**આરપાર**
રાઘવજી માધડ

'મારા જીવનનાં ચાલીશથી વધારે વરસો હું શિક્ષક રહ્યો છું.અને તમને કહેવા માગું છું કે વિદ્યાર્થી ઓમાં બુનિયાદી કોઈ જ ખરાબી નથી. આપણે તેને તક જ આપતા નથી,જે એમનો અધિકાર છે.મોટા મોટા બંધો બાંધવાનો કોઈ જ અર્થ નથી જો આપણે જે માણસો પેદા કરીશું તે નાના હશે!' આ ઉદગાર છે, ગઈ કાલે જેઓનો જન્મદિન, શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવ્યો તે ડો.રાધાકૃષ્ણનના.જેઓ ઈ.સ. ૧૯૫૫માં ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં આવ્યા હતા ત્યારે, દીક્ષાંત પ્રવચનમાં વ્યક્ત થયા હતા.

એક સમયે બાળકને ઢસડી,ટીંગાટોળી કરી સ્કુલમાં મુકવા જવો પડતો હતો.આજે સ્કૂલે નથી જાવાનું ...એવું કહેવું પડે છે.સ્કૂલ બાળકોને નથી ગમતી તે હકીકત છે.પરંતુ હવે ઘરમાં નથી ગમતું..! બાળકને શું ગમે છે, શું કરવા ગમે છે તે શોધવું ને નક્કી કરવું પડશે. બાકી નવરો બેઠો તે નખ્ખોદ વાળે !

એક શિક્ષણપંચમાં કહેવાયું હતું : ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે. પણ હાલ તો ઘરમાં ઘડાઈ રહ્યું હોય એવું લાગે છે ! બાળકને સર્જનાત્મક કાર્યમાં વધારે રસ છે.આંશિક ઓનલાઈન એજ્યુકેશન એ માત્ર નરણા કોઠાનો નાસ્તો છે.દિવસભરનું ભાથું આપવા ક્રિએટીવીટી કામે લગાડવી પડે. જે લગભગ કોઈ આપતું નથી. પરિણામે બાળક કંટાળે છે, જીદ્દી બને છે ને ચીડિયાપણું પણ આવે છે...

સ્કૂલ બંધ પણ શિક્ષણ ચાલુ...આવું વાંચીએ ત્યારે થાય છે કે, શિક્ષણની સંકલ્પના બદલાઈ ગઈ કે શું ? સ્કૂલો કયારે શરુ થશે તે કોરોના નક્કી કરશે. હજુ તેનો પ્રભાવ ને સ્વભાવ સુધર્યો નથી. જે બાળકે સ્કૂલ જોઈ, અનુભવી નથી.તેનેતો કોઈ પ્રશ્ન નથી.પણ સતત છ માસથી ઘરમાં છે...ને હવે કયારે જવાનું થશે તે નક્કી નથી.જેના લીધે બાળકની માનસિક સ્થિતિ કેવી હશે,કેવી થશે તે ગંભીર મુદો છે. બાળકને તો જિજ્ઞાષા સાથે આ જગતને વિસ્મયતાથી જોવું છે, કલ્પનાને સ્વપ્નાના સાગરમાં વિહરવું છે.તે ચેતનાનો ફુવારો છે.તેને આંખો સાથે પાંખો આપોતો આકાશે ઉડવું છે ! તેને ઘરેલું ઢાંચો જરાય ગમતો નથી. પરદેશમાં પરેશાન બાળક ફોન કરી પોલીસને બોલાવી શકે છે...ઈચ્છીએ,અહીં આવું ન બને !

એક સમયે ગામડામાંની સ્કૂલમાં હતો ત્યારે વાલીએ ફરિયાદ કરેલી : 'અમારી શેરીમાં છોકરાઓ કેવાં અપશબ્દો બોલે છે,તમે માસ્તરો શું ભણાવો છો?'જવાબમાં જણાવ્યું હતું: 'અમે કલાસરૂમમાં ક્યારેય અપશબ્દો શીખવાડતા નથી...' પછી કહી દીધું હતું: 'ક્યાંથી શીખે છે, એ શોધો..!' આ મુદ્દો એટલે સૂઝ્યો કે ડો.રાધાકૃષ્ણને વક્તવ્યમાં કહ્યું કે,બાળકમાં કોઈ ખરાબી હોતી નથી.તો આ બધી બદી, ખરાબી તેમનામાં આવે છે ક્યાંથી !? હીરા પારખું હોય તેને આવી પીડા પારખું પણ થવું જોઈએ.

આજે કોરોનાનો ડર ઓછો થયો છે. જનજીવન ધબકતું થવા લાગ્યું છે. પણ આપણા સ્કૂલ જવાપાત્ર બાળકો તો ઘરમાં જ છે. શિક્ષણના નામે ને કામે સતત એંગેજ રહેતી સંસ્થાઓએ આગળ આવી,ઓનલાઈન એજ્યુકેશન ઉપરાંત બાળકને ઘરેલું પ્રવૃત્તિઓ આપવાની દિશામાં પણ આગળ આવવું જોઈશે. સતત ગેમ માં મસ્ત,વ્યસ્ત રહેતાં બાળક સાથે વાલીએ પણ વ્યવહાર કરવાનું શીખવું,સમજવું જોઈશે.તેને ઘરમાં યોગ્ય પ્રવૃત્તિ,સર્જનકાર્ય,વાતાવરણ તેમજ મનોમાવજત કરવાનું અતિ જરૂરી બન્યું છે.કારણ કે હાલ ભારત નું ભાવિ ઘરમાં ઘડાઈ રહ્યું છે !

છેલ્લે :

આપણે જાણે-અજાણ્યે પણ કોઈ એવો સમાજ રચી બેઠાં છીએ, જેમાં ભોળપણ હાસ્યાસ્પદ લાગે છે ને છળકપટ સ્માર્ટનેસમાં ખપે છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# શું તમે નશો કરો છો ? સાહિત્ય અને સોશિયલ મીડિયાનો



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

ઉપરનું શીર્ષક વાંચીને ઘણાને નવાઈ લાગશે અથવા નહી ગમે. કેમ કે સાહિત્ય અને સોશિયલ મીડિયા એ કાંઈ નશો થોડો છે ? એ તો અભિવ્યક્તિનું એક સક્ષમ માધ્યમ છે. જો આવું તમે વિચારતા હોય તો તમે સંપૂર્ણ સાચા છો. હું પણ માનું છું -કે આ સાહિત્ય અને સોશિયલ મીડિયા બન્ને મનની અભિવ્યક્તિ કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

હવે થોડી નશાને વાત કરી લઈએ. હમણાથી તમામ ટી.વી. ન્યૂઝ ચેનલો પર સુશાંતસિંહ રાજપુત હત્યા કેસ સંદર્ભે ડ્રગ્સ, ચરસ, ગાંજા, અફીણ જેવા હાર્ડ નશાની ચર્ચાઓ થઈ રહી છે. આ બધા એવા નશા છે કે એ કર્યા પછી વ્યક્તિમાં એકદમ પાવરફૂલ શક્તિનો, ઊર્જાનો સંચાર અનુભવાય છે. અંદરની તાકાત હોય એના કરતા અનેકગણી તાકાત હોવાનો ભાસ થાય છે. એટલે કે તો તમારી પાંચ કિલોમીટર ચાલવાની ક્ષમતા હોય તો તમે નશો કર્યા પછી પચાસ કિલોમીટર સુધી ચાલી શકો છો. વળી નશાના તજજ્ઞો દ્વારા ચેનલો પર થતી ચર્ચા પરથી એ પણ જાણી શકાયું છે કે આ ડ્રગ્સ, ચરસ, ગાંજા, અફીણનો નશો ધીમે ધીમે વ્યક્તિના મગજને, માનસિક શક્તિને ખતમ કરી નાખે છે. અમુક સમયના સેવન પછી વ્યક્તિ એની માનસિક સ્વસ્થતા ગુમાવી બેસે છે. સદાયને માટે ડિપ્રેશનમાં ચાલી જાય છે.

બસ આવું જ કંઈક સાહિત્ય અને સોશિયલ મીડિયાનું છે. આ બન્ને માધ્યમનો નશો આજે અનેક લોકો કરી રહ્યા છે. જે તમે તમારી આસપાસ અને સોશિયલ મીડિયા પર જોતા, અનુભવતા હશો. કેમ કે માણસને નશો ચડે એટલે સામાજિકતા કે વ્યાવહારિકતાનો કશો જ ખ્યાલ રહેતો નથી. ખાસ કરીને સાહિત્યમાં. આજે સોશિયલ મીડિયાના માધ્યમથી સૌને રાતોરાત સુપ્રસિદ્ધ સાહિત્યકાર થઈ જવું છે. પણ આવા શેખકોએ સમજવું જોઈએ કે લીમડામાં કદી કેરીના ફળ નથી આવતા., એમાં તો લીંબોળી જ ઊગે,

અત્યારની પેઢી એવું માને છે કે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટને કારણે સાહિત્ય વિશ્વભરમાં ફેલાયું છે. પણ જ્યારે સદીઓ પહેલા આ બધુ કશુ જ નહોતું ત્યારે પણ આપણું વૈદિક સાહિત્ય દુનિયાભરમાં વિસ્તરેલું છે. રામાયણ, મહાભારત, ગીતા, વર્ષોથી વિદેશની યુનિવર્સિટીઓમાં ભણાવાય છે. નરસિંહ – મીરાં ઉપર અનેક વિદેશી લોકો સંશોધન કરી ચૂક્યા છે. આજે પણ અનેક દૂર્લભ ગ્રંથો હસ્તપ્રતો રૂપે સચવાયેલા છે. જે અમૂલ્ય છે. આનું કારણ એક જ હતું કે એ સાહિત્યમાં તાકાત હતી, એનું સામાજિક, સાહિત્યિક મૂલ્ય હતું. એ સાહિત્ય માત્ર વ્યક્તિનું નહી આખા સમાજનું, દેશનું જીવન બદલી શકતું હતું. સૌને માટે એ પ્રેરણાદાયી હતું. એ હજારો વર્ષ પહેલા લખાયેલું હોવા છતાંય આજે પણ જીવે છે.

હવે કરીએ આજના સર્જાતા સાહિત્યની. આપણે ત્યાં લોકો એવું માનતા થઈ ગયા છે કે જે કાંઈ લખીએ તે બધુ સાહિત્ય કહેવાય. મનમાં જે કાંઈ વિચારો આવ્યા અને તેને સીધા કોમ્પ્યુટરમાં કે ડાયરેક્ટ મોબાઈલમાં ઉતાર્યા અને બની ગયું સાહિત્ય. મેં એવા કેટલાય મિત્રો જોયા છે કે જેઓ સીધા મોબાઈલમાં જ ટાઈપ કરીને સોશિયલ મીડિયા ઉપર અપલોડ કરી દે છે. અને પોતાને પોતે જ સુપ્રસિદ્ધ લેખક તરીકે પ્રસ્થાપિત કરી દે છે. ઘણી બહેનો તો વળી રસોડામાં ભોજન બનાવતા બનાવતા લખે છે કે " ચાર રોટલી બનાવી શાક મેં વઘાર્યું. / અને પછી મેં કરી બંધ ઘરની બારીયું " આવા લખાણને પણ ઘણા કલમફૂટિયા ખવિઓ સાહિત્ય માને છે. આજકાલ સૌને સોશિયલ મીડિયા દ્વારા રાતોરાત પ્રસિદ્ધ સાહિત્યકાર થવાનો નશો ચડ્યો છે. ફેસબૂક અને વૉટ્સપમાં અનેક એવા ખવિઓ ને શેખકો છે કે જેઓ રોજ સવારે ઊઠતાવેંત એક જોડકણું પોસ્ટ કરી દે છે. અને પછી જ..... અમુક ખવિઓ તો રોજ સવારમાં કંદોઈ ભજીયા બનાવે છે તેમ જોડકણાના ઘાણેઘાણ ઉતારતા હોય છે. આવા લોકો એવું માનતા હોય છે કે કવિતા લખવી એ રોજ સવારે બગીચામાં વૉકિંગ કરવા જેવી બાબત છે. પણ ખરેખર તો કવિતા લખવી એટલે કાગડાના ડોકે ચાવી બાંધવા જેવી ઘટના છે. પરંતુ આજે મોટેભાગે ચારેબાજુ શબ્દોના, વિચારોના બાવળો ઉગાડી રહ્યા છીએ. જેમાં ક્યારેય કોઈ ફળ આવવાનું નથી જ. જેનું કોઈ ભાવિ નથી હોતું. કે નથી હોતું એનું કોઈ મૂલ્ય. એ માત્ર મિત્રો ને સંબંધીઓની લાઈક્સ, કોમેન્ટ્સ અને ખોટી વાહવાહીથી વિશેષ આગળ જઈ શકતું નથી. આજે અનેક મિત્રો જથ્થાબંધ લખી રહ્યા છે. એમાં વળી લોકડાઉનનો સમય મળ્યો. અમુકે તો કોરોનાના દિવસોના અનેક જોડકણાઓ લખી નાખ્યા છે. વાર્તાઓ, નિબંધો લખી નાખ્યા છે જે ચારેબાજુ સોશિયલ મીડિયામાં ઘૂમ્યા કરે છે. આજે સાહિત્યિક મૂલ્યનું કોઈ મૂલ્ય જ નથી રહ્યું આજની અકવિતા કે કહેવાતું સાહિત્ય "મીડિયા મૂલ્ય " ધરાવતું જોવા મળે છે. જેટલી વધુ લાઈક્સ કે કૉમેન્ટ્સ મળે એટલે દરેક શેખકો કે ખવિઓને પોતાને સુપ્રસિદ્ધ, જાણીતા, લોકપ્રિય માનવા લાગે છે.

ખરેખર જોઈએ તો આ સાહિત્ય અને સોશિયલ મીડિયા આવા અનેક શેખકો માટે નશો છે. તેઓ એમ માને છે કે સાહિત્યકાર થઈ જવાથી સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. મહાનતા મળે છે. તેથી કોઈપણ જાતના અભ્યાસ વિના કલમ લઈને ઉતરી પડે છે મેદાનમાં. અને આડેધડ શબ્દોના શિરચ્છેદ કર્યા કરે છે. અને હાસ્યાસ્પદ બને છે. ઘણાને તો આ સાહિત્ય અને સોશિયલ મીડિયાની એવી લત લાગી હોય છે કે તેઓ ૨૪ કલાક ખવિ કે શેખકના સ્વાંગમાં જ હોય છે. અને ફેસબૂક કે વૉટ્સપ પર સતત પોસ્ટ કરતા જ રહે છે. આજે આ સોશિયલ મીડિયા ઉપર આવા અર્થવિહીન શબ્દોનો વ્યભિચારી વિસ્ફોટ એટલી હદે વધી રહ્યો છે કે આવનારા સમયમાં સાચા સર્જકો સોશિયલ મીડિયાનો સંપૂર્ણ ત્યાગ જ કરશે. અર્થવિહીન શબ્દોના વ્યભિચારી વિસ્ફોટથી આજે સાચું સાહિત્ય પણ સંક્રમિત થઈ રહ્યું છે. અમુક મિત્રો તો પથારીમાં પડ્યા પડ્યા આંખ ખૂલતા જ જે પહેલા શબ્દો યાદ આવે એને સીધા જ કવિતા સમજીને ફેસબૂકમાં ઉતારી દે છે. આજે વૉટ્સપમાં પણ એવા અનેક ગ્રૂપ્સ ચાલી રહ્યા છે જેમાં કવિતાના નામે શબ્દોને સંક્રમિત કરવામાં આવી રહ્યા હોય છે. કોઈ કવિતાના નામે શબ્દોની રમત રમે છે તો કોઈ શબ્દોની ચોરી કરીને કવિ બનવાના ધમપછાડા કરે છે. આજે એટલું બધુ જથ્થાબંધ લખાય છે અને સોશિયલ મીડિયા ઉપર પીરસાય છે કે જો એનું વજન માપી શકાતું હોત તો બીજી એક પ્રુથ્વી જેટલું થાય.

મિત્રો, સર્જન એ કાંઈ શાક બનાવવા જેટલી સહેલી ઘટના નથી. સર્જન એ તો ઈશ્વરનું વરદાન છે. જન્મથી આપોઆપ વ્યક્તિમાં પ્રવેશે છે અને પ્રગટે છે. એના માટે કોઈ પ્રયાસો કે દોડધામ કે સોશિયલ મીડિયા કે પદ પ્રતિષ્ઠાની જરુર નથી આપોઆપ તમારો હાથ કલમ ઉપાડે અને લખાવા લાગે ત્યારે સાચું સાહિત્ય સર્જાય છે. અને એ ક્ષણ જીવનના પહેલા તબક્કામાં આવી જતી હોય છે. પાછલા તબક્કે તો તાયફા કરવા પડે છે. આજે સોશિયલ મીડિયા ઉપર હજારો શેખકો અને ખવિઓ પોતપોતાની તમામ શક્તિઓ કામે લગાવીને, એકબીજાથી વધુ સુપ્રસિદ્ધ થવા માટે પદ, પ્રમાણપત્રો, સન્માનપત્રો, એવોર્ડ્સ અને સંસ્થાઓનો પણ ઉપયોગ કરી લે છે. કેમ કે તેઓને સાહિત્ય અને સોશિયલ મીડિયાનો નશો ચડેલો હોય છે. તેઓ કોણ છે ? લોક શું કહેશે ? તેમની પરવા કર્યા વિના, યોગ્યતા પામ્યા વિના પારિતોષિક મેળવીને, સન્માનો મેળવીને સોશિયલ મીડિયા દ્વારા રોજેરોજ સનસનાટી ફેલાવીને છવાઈ જવાની ઘેલછા આજે અનેક સારા ઉગતા સર્જકોનો ભોગ લઈ લે છે. કેમ કે સાહિત્ય અને સોશિયલ મીડિયાનો નશો એવો છે કે એ વ્યક્તિને એનું વ્યક્તિત્વ, સમાજ અને સમગ્ર સૃષ્ટિનું ભાન ભૂલાવી દે છે. માનસિક શક્તિને, સ્વસ્થતાને હણી લે છે અને વ્યક્તિને ડિપ્રેશનમાં ( ભ્રમમાં ) ખેંચી જાય છે. અને વ્યક્તિ પોતાને સૌથી શ્રેષ્ઠ માનવા લાગે છે. અને આ નશાની કે ડિપ્રેશનની કોઈ જ દવા નથી. આવી વ્યક્તિઓ પ્રત્યે દયાભાવ રાખવો એ જ સાચો સર્જક ધર્મ છે.

-9426060601.india@gmail.com

# બોલીવુડ અને ડ્રગ્સ : બહોત યારાના લગતા હૈ..!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

શુશાંતનું મૃત્યુનું રહસ્ય વધુ ને વધુ ગૂંચવાતું જાય છે. સીબીઆઇ ની તપાસ પૂરજોશમાં ચાલુ છે. રોજ નવા નવા ફણગા ફૂટત્તા જાય છે. બધા પોતપોતાની રીતે તર્ક લડાવતા જાય છે. ન્યૂઝ ચેનલો સીબીઆઇ થી પણ પહેલા કેસ સોલ્વ કરવામાં એકબીજા સાથે બ્રેકિંગ ન્યૂઝ અને એક્ષ્કલુઝિવ ઈન્ટરવ્યુઝના નામે હરિફાઈઓ કરી રહી છે. ટીવીના પરદે રિયાની કે સીબીઆઇ ની કારનો પીછો કરતાં ન્યૂઝ રિપોર્ટર્સ અને કેમેરામેન્સ મોટાભાગે હાસ્યાસ્પદ પરિસ્થિતિનું નિર્માણ કરતાં દેખાય છે. ન્યૂઝ ચેનલ્સને સારો ખોરાક મળી ગયો છે. રોજરોજ એક્સક્લુઝિવને નામે ચહેરા છુપાવેલા લોકો કઈક ને કઈક સ્ફોટક માહિતીઓ પીરસી રહ્યા છે. એકબાજુ સીબીઆઇ સ્પષ્ટ કહી ચૂકી છે કે કેસને લગતી કોઈ પણ માહિતી અમે હજુ સુધી આધિકારિક રીતે મીડિયાને નથી આપી. બોલે તો આ બધા એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુઝ અને તપાસની 'અંદર ની વાતો' મીડિયાના 'સોર્સ' બોલે તો 'આધારભૂત સૂત્રો' ને નામે ટીવી કે વર્તમાનપત્રમાં આવી રહી છે.

સાવ એવું પણ નથી કે ટીવી ના પરદે કે વર્તમાનપત્રોમાં લીક થતી શુશાંત કેસ સાથે જોડાયેલી વિગતો બધી જ હંબગ હોય, કેમકે મીડિયાના પોતાના સૂત્રો દરેક જગ્યાએ હોય જ છે એટ્લે જ તો વોટ્સઅપ ચાટ લીક થઈ જાય છે કે બીજી વિગતો પણ. શુશાંત કેસમાં આપઘાત કે હત્યાની થીયરીથી શરૂ થયેલી તપાસમાં એક અત્યંત ઈન્ટરેસ્ટિંગ મોડ આવ્યો છે અને એ છે 'ડ્રગ એંગલ' ! ઈન્ટરેસ્ટિંગ એટલા માટે કે આત્મહત્યા કે હત્યાની તપાસ તો કુછ ગીનેચુને લોગોની આસપાસ જ ફરતી હતી જ્યારે આ નવી ટ્વિસ્ટને લીધે તપાસના કુંડાળામાં બૉલીવુડના લોકો અને રાજનેતાઓનો પગ પણ પડયાના એંધાણ મળી ચૂક્યા છે. પંજાબમાં નશા અને ડ્રગ્સને કેન્દ્રમાં રાખીને બોલીવુડે બનાવેલી ' ઉડતા પંજાબ ' માં હવે પંજાબની જગ્યાએ ખુદ બૉલીવુડ જ આવી ગયું છે. વાત નવી તો નથી જ પણ સુશાંતના કેસને લીધે વધુ ચર્ચામાં છે અને લાગે છે કે ઈસકી ગુંજ દૂર તક જાયેગી.

ગયા વર્ષે આવેલી 'સંજુ ' માં ખૂલીને સંજય દત્તની ડ્રગ આદત વિષે કહેવાયેલું અને સંજયનું તો ઠીક છે કે વર્ષોથી બધા જ જાણે છે પણ ઓગષ્ટ ૨૦૧૯માં સોશિયલ મીડિયા પર કરણ જોહરના ઘરે યોજાયેલી પાર્ટીનો એક વિડીયો જાહેર થયેલો કે જેમાં દિપીકા, રણબીર, વિકી કૌશલ, અર્જુન કપૂર, મલાઈકા અરોરા, વરુણ ધવન જેવા અનેકો નામી સ્ટાર્સ દેખાતા હતા અને ખાલી દેખાતા જ નહીં પણ એમાથી મોટાભાગના તો નશો કરેલી હાલતમાં હોય એવા એમના ચહેરાના હાવભાવ લોકોને લાગ્યા. કેટલાકની તો આંખો પણ માંડ માંડ ઊંચી થઈ શકતી હતી. કરણની આ પાર્ટીમાં આ બધાએ ડ્રગ લીધેલું એવી ચર્ચા અને આરોપો લાગેલા. ખેર પછી તો સફાઈઓ થઈ અને વાત ભુલાઈ ગઈ પણ શુશાંતના કેસની કડીમાં ડ્રગનું નામ આવતા જ વો ભૂલી દાસ્તા ફીર યાદ આ ગઈ. કરણની પાર્ટીનો ભલે એમ ઢાંકપિછોડો થયેલો કે ના ના કોઈએ ડ્રગ્સ નહોતું લીધું પણ આ જ પાર્ટીનો એક સભ્ય અને કપૂર ખાનદાનનો ચિરાગ રણબીરકપૂર ખુદ ૨૦૧૧ માં એક ઈન્ટરવ્યૂમાં કબુલી ચૂક્યો છે કે ' રોકસ્ટાર' ના શૂટિંગ વખતે ડ્રગ લીધેલું એટલું જ નહીં પણ શાળા સમયથી મારીજુઆનાની લત હતી, જો કે હવે હું એ લતથી મુક્ત થઈ ચૂક્યો છુ 'જો કે કરણની એ પાર્ટીના વિડિયોમાં રણબીરનું મુખડું કઈક અલગ જ દાસ્તા ચાડી ખાઈ ચૂક્યું છે. એક આડવાત કે રણબીર ચેઈન સ્મોકર છે...!'

બૉલીવુડ અને નશાખોરીને ચોલી-દામન કા રિશ્તા છે એમાં કોઈ બેમત નથી જ. હા પહેલા આવા ડ્રગ્સ નહોતા પણ મીનાકુમારી, મધુબાલા, ધર્મેન્દ્ર, ગુરુદત્ત જેવા પાછલી પેઢીના કલાકારોની શરાબના નશાની આદતો જગજાહેર છે. નવા જમાનાની વાત કરીએ તો સંજય દત્ત, બોબી દેઓલ, પ્રતિક બબ્બર, રણબીરકપૂર, પુજા ભટ્ટ, મનીષા કોઈરાલા, હનીસિંહ, ફરદીનખાન અને કોમેડી કિંગ કપિલ શર્મા જેવા અનેકો કલાકારો આમાં સામેલ રહેલા છે. આમાં ફરદીન તો ઓલરેડી કોકેનના કેસમાં ૨૦૦૧માં પકડાયેલો પણ ખરો. સૈફ અલીખાને પણ કબૂલેલું કે યુવાનીમાં એણે પણ એલએસડીનું સેવન કરેલું. ૨૦૦૫માં એક્ટર વિજયરાજ પણ અબુધાબી એરપોર્ટ પર ડ્રગ્સ સાથે પકડાયેલો, જો કે પાછળથી છૂટી ગયેલો. બાકીના કલાકારોમાથી કોઈએ નશાની વાત કબુલી તો કોઈએ ડ્રગ્સની લતને શરાબની લતના નામે છુપાવીને વાત કરી છે. બોબી દેઓલ અને કપિલ શર્મા તો ખુદ કબૂલે છે કે આ લત માંડ માંડ છૂટી છે અને આનાથી એની કેરિયર બરબાદ થતાં થતાં બચી ગઈ છે તો હનીસિંહે પણ શરાબની લતના નામે એની ક્રિએટિવિટી કેવી રીતે ખતમ થઈ ગયેલી એની વાત પણ કરી છે, દિટ્ટો વાત મનીષા કોઈરાલાએ પણ કરેલી.

ભલે વાત બધા શરાબની લતની કરતાં હોય પણ બોલિવુડમાં ડ્રગ્સનું સેવન આમ વાત બનતું જાય છે. શુશાંત કેસમાં લીક થયેલી વોટ્સઅપ ચાટ એ વાતનો ઈશારો કરે છે કે શુશાંત પણ આનો શિકાર હતો યા તો બનાવી દેવાયેલો. શુશાંતની એક્સ-મેનેજર દિશા સાલિયાનની આત્મહત્યા પાછળ પણ કઈક આવો જ ડ્રગ એંગલ દેખાઈ રહ્યો છે. કંગનાના દાવા મુજબ બોલિવુડમાં ડ્રગની એક વ્યવસ્થિત જાળ છે અને બૉલીવુડ પાર્ટીઓમાં ડ્રગ્સનો ઉપયોગ ખૂલીને થાય છે. કંગના તો ત્યાં સુધી કહે છે કે મને રક્ષણ આપો તો હું કેટલાયના નકાબ ઉતારી દઉં. એટલું જ નહીં પણ કંગનાએ તો દરખાસ્ત પણ મૂકી કે જે જે સ્ટાર પર ડ્રગ્સનો આરોપ છે એ લોકો પોતાના બ્લડ ટેસ્ટ કરાવે જેથી સાચું ખબર પડે. જો કે હજુ સુધી આ દરખાસ્ત કોઈએ સ્વીકારી નથી એ અલગ વાત છે! શુશાંત કેસમાં પણ ટોપ સ્ટારની ચુપકીદી અને હવે આવેલા ડ્રગ એંગલ પર પણ ટોચના સ્ટારનું મૌન ઘણું બધુ કહી જાય છે.

અને એમણે મૌન રહેવું જ પડે કેમકે બધા કાઈ કંગના નથી હોતા. ખબર એવી છે કે શુશાંત કેસની આ ડ્રગ લિંક પર એનસીબીની તપાસમાં એવા ૨૦ લોકોના નામ સામેલ છે કે જેમાં અભિનેતાઓ, અભિનેત્રીઓ ની સાથે સાથે નેતાઓ, ડ્રગ ડિલરો પણ સામેલ છે. કંગનાના મતે આ એક વ્યવસ્થિત રેકેટ છે અને બધાના ' આશીર્વાદ ' થી પૂરબહારમાં ચાલે છે. વાત રીયા અને એના ભાઈ શૌવીકથી શરૂ થઈ છે પણ આનો છેડો બહુ દૂર સુધી જઈ શકે છે. બૉલીવુડની સાથે સાથે તાજેતરમાં કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું ડ્રગ કનેક્શન પણ ખુલ્લુ પડ્યું છે. અમુક કલાકારોએ જ ડ્રગ આદત વિષે જાહેરમાં કબૂલેલું છે. આપણે ત્યાં પોલિટિશિયન અને એક્ટર્સના ફોલોવર્સ વધુ છે અને એમને રોલ મોડેલ માનનારા અસંખ્ય છે એવામાં પરદા પર ભજવાતા રોલ્સ અને અસલ જિંદગીમાં બૂરી આદતોના શિકાર બનતા બૉલીવુડ કલાકારો બોલિવુડના અને સ્ટારની જિંદગીના બે અલગ અલગ પાસા રજૂ કરે છે અને એની અમુક અંશે અસર એના ફોલોવર્સ પર પણ પડે જ છે.ડ્રગ્સનો શિકંજો સમાજના બધા જ વર્ગોમાં છે અને વધતો પણ જાય છે પણ શુશાંતના કેસમાં ફૂટેલો આ નવો ફણગો બોલિવૂડને અને ડ્રગ્સ સિન્ડિકેટને લગતા બીજા લોકોના તપેલા ચડાવી દે તો નવાઈ નહીં અને માનો કે કરણ જોહર ની પાર્ટીની જેમ ઢાંકપિછોડો થાય તો પણ શુશાંત કેસમાં તપાસની પ્રક્રિયામાં ડ્રગ નેકસેસ નો એકાદો છેડો તો ઉજાગર થશે જ એ નક્કી છે અને આવું થાય તો પણ આ બૂરી આદતોના શિકાર બનતા કે એ તરફ વિચારતા લોકો માટે મોટો સંદેશ બની રહેશે.